અપીલ અરજી નં.૩૦૬ તા.૨૯–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ગુજરાત રાજય અને શહેર વિકાસ અધિનિયમની કલમ–૭૬ તેમજ સને ૧૯૪૯નાં બી.પી.એમ.સી.એકટના કયા કાયદા અને કલમ હેઠળ સૈયદપુરા માર્કેટ વિસ્તારમાં નોંધ નં–૨૩૭૮બ, ૨૩૭૯–અ+બ મિલ્કતને પાંચ માળની મંજુરીની આર.સી.સી.બાંધકામનાં પ્લાનની મંજુરી આપવામાં આવેલ છે જે અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૬/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ગુજરાત રાજય અને શહેર વિકાસ અધિનિયમની કલમ–૭૬ તેમજ સને ૧૯૪૯નાં બી.પી.એમ.સી.એકટના કયા કાયદા અને કલમ હેઠળ સૈયદપુરા માર્કેટ વિસ્તારમાં નોંધ નં–૨૩૭૮બ, ૨૩૭૯–અ+બ મિલ્કતને પાંચ માળની મંજુરીની આર .સી. સી . બાંધકામનાં પ્લાનની મંજુરી આપવામાં આવેલ છે જે અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી હેઠળની મંજુરી –ના મંજુરી અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈસેલ/૯૦૬ તા.૧૦–૧૦–૧૧ થી ઝોનચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ પ્રત્યુત્તરની નકલ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ છે.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં. ૧૧૫૨ તા.૨૭–૯–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું નારાજ થઈ તા.૨૯–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) ગુજરાત રાજય અને શહેર વિકાસ અધિનિયમની કલમ–૭૬ તેમજ સને ૧૯૪૯નાં બી.પી.એમ.સી.એકટના કયા કાયદા અને કલમ હેઠળ સૈયદપુરા માર્કેટ વિસ્તારમાં નોંધ નં–૨૩૭૮બ, ૨૩૭૯–અ+બ મિલ્કતને પાંચ માળની મંજુરીની આર .સી. સી . બાંધકામનાં પ્લાનની મંજુરી આપવામાં આવેલ છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં સદર મિલ્કતમાં જી.ડી.સી.આર ના પ્રકરણ નં.૧૧,૧૨ અને ૧૮ અન્વયે મંજુરી આપવામાં આવેલ છે જેની નકલના પાના દીઠ રૂા.૨/– લેખે કુલ પાનાના રૂા.૧૬/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) મજકુર મિલ્કતના અંશતઃ પાર્ટ પ્લાનની બંને બાજુના રસ્તા, માર્જીનની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મજકુર મિલ્કતના અંશતઃ પાર્ટ પ્લાનની નકલના રૂા.૯૦૦/– તથા રસ્તા માર્જીન અંગે મંજુર પ્લાનની નકલના રૂા.૯૨૮/– મળી કુલ રૂા.૧૮૨૮/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) મજકુર મિલ્કતને આપવામાં આવેલ બીયુસી પ્રમાણપત્રની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) મજકુર મિલ્કતમાં ગેરકાયદેસર બોરીંગ ખોદવામાં આવેલ છે જેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી તેવું જણાવેલ છે. જે અંગેઅરજદારે અપીલ અરજીમાં મુળ અરજીની ફી ની રસીદ પણ આપવામાં આવેલ નથી તેમજ માગેલ માહિતીની નકલો આપેલ ન હોવાનું જણાવેલ છે. પરંતુ રસીદ નં.૪૯૭૧૭૮ તા.૨૯–૮–૧૧ ની રૂા. ૨૦/– ની પાવતીની નકલ અપીલ સાથેના કાગળોમાં રજૂ થયેલ જોતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રસીદ ઈસ્યુ થયાનું જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ દસ્તાવેજી ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ....જાણ તથા અમલ માટે
(૨)શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર